# અરવલ્લી એલસીબી પોલીસ અને બુટલેગરની કાર વચ્ચે સર્જાયા ફિલ્મી દ્રશ્યો

## સ્વીફ્ટ કારમાંથી ૧ લાખથી વધુ શરાબ ઝડપ્યો, બુટલેગર ફરાર

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીની પોલ વારંવાર ખુલી જાય છે. માત્ર સરકારી કાગળિયે દારૂબંધી હોય તેવા કિસ્સા અનેકવાર પ્રકાશમાં આવતા રહે છે. રાજસ્થાન રાજ્યને અડીને આવેલ અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વિદેશી દારૂ ઘુસાડવા બુટલેગરો સતત સક્રીય રહેતા હોય છે. અરવલ્લી એસલસીબી પોલીસે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી આવતી સ્વીફ્ટ કારનો ફીલ્મી ઢબે પીછો કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી ૧ લાખથી વધુનો દારૂ ઝડપી પાડ્યો હતો. બુટલેગર રોડ પર કાર મૂકી ફરાર થઈ જતા પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી એલસીબી પોલીસે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ હાથ ધર્યું હતું ત્યારે ભિલોડાના ઓડ ગામ તરફથી આવતી શંકાસ્પદ સ્વીફ્ટ કાર (ગાડી. નં. જીજે.૦૨.બીપી.૦૬૨૧)ને અટકાવવા ઈશારો કરતા બુટલેગરે કાર પુરઝડપે હંકારી મુકતા એલસીબી પોલીસે કારનો પીછો કરતા ફીલ્મી દ્રશ્યો સર્જાયા હતા. બુટલેગર કાર રોડ પર મૂકી ફરાર થઈ જતા પીછો કરતી એલસીબી પોલીસે રોડ પર પડેલી કારની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૬૮ કીં. રૂ.૧૦૦૮૦૦ દારૂ અને કાર કીં. રૂ.૨૦૦૦૦૦ મળી કુલ રૂ.૩૦૦૮૦૦નો મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા બુટલેગર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ રસીકરણ માર્ગદર્શન અંતર્ગત જયંતિ રવિએ લીધી મુલાકાત

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગુજરાત રાજય આરોગ્ય અને કલ્યાણ વિભાગના અગ્રસચિવ જયંતિ રવિએ મુલાકાત લીધી હતી.

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગની સૂચના અનુસાર તારીખ ૮.૧.૨૦૨૧ના રોજ પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ રસીકરણ રીહર્સલ કાર્યક્રમનું નિરીક્ષણ કરવા ગુજરાત રાજય આરોગ્ય વિભાગના અગ્રસચિવ રવિ જયંતિએ મુલાકાત લીધી હતી અને તેમની સાથે ગુજરાત રાજય આરોગ્ય વિભાગ કમીશ્નર જય પ્રકાશ શિવહરે, સ્ટેટ ઈમ્યુઓફિસર ડૉ.નયન જાની, જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓ તેમજ તાલુકા બ્લોક હેલ્થના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા કસ્ટડીમાંથી ફરાર વોન્ટેડ બુટલેગરને ઝડપી પાડવા બે રાજ્યોમાં પોલીસના ધામા

## પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરાનું રેકોર્ડિંગનું એનાલિસિસ

ભિલોડા, તા. ૯

ભિલોડા પંથકના વિરપુર ત્રણ રસ્તેથી વાહન ચેકીંગ દરમ્યાન ગાંભોઈ પોલીસ સ્ટેશન અને અડાલજ (ગાંધીનગર) પોલીસ સ્ટેશનનો વોન્ટેડ બુટલેગર સંદિપકુમાર ઉર્ફે મોન્ટૂ મોહનભાઈ ચાવડા(રહે. ભાટ,ગાંધીનગર)ને ઝડપી લીધો હતો.

આરોપીની અટક કરી ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે લાવી હતી અને આ વોન્ટેડ બુટલેગર પોલીસને થાપ આપી ધરપકડના છ કલાકમાં જ પોલીસ કસ્ટડીમાંથી ભાગી પોલીસ સ્ટેશન બહાર ઉભેલી કારમાં નાસી જતાં પંથકમાં ચકચાર મચી હતી.

બુટલેગર ફરાર થતા અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં ભારે દોડધામ મચી હતી. જીલ્લા પોલીસે બુટલેગ સંદીપ ઉર્ફે મોન્ટુને ઝડપી પાડવા રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, અમદાવાદ સહીત ગાંધીનગર અને સંભવીત સ્થળોએ તપાસ હાથ ધરી છે. સમગ્ર કેસની તપાસ કરી રહેલ ડીવાયએસપી ભરત બસીયાએ ભિલોડા પોલીસ સ્ટેશનના સીસીટીવી કેમેરાનું રેકોર્ડિંગ લઈ એનાલીસીસ હાથ ધર્યું છે.

## કઈ રીતે ઝડપાયો નામચીન બુટલેગર અને કઈ રીતે ફરાર થઈ ગયો વાંચો સમગ્ર ઘટનાક્રમ

ભિલોડા પોસઈ કે.કે. રાજપૂત સહિત ૪ પોલીસ કોન્સ્ટેબલોની ટીમ દ્વારા ગત બુધવારની બપોરે પંથકના વીરપુર ત્રણ રસ્તે વાહન ચેકીંગ દરમ્યાન એક ઈસમની હિલચાલ શંકાસ્પદ જણાતા તેને કોર્ડન કરી ઝડપી લેવાયો હતો અને નામઠામ પુછતાં આ આરોપીએ પોતાનું નામ સંદિપકુમાર ઉર્ફે મોન્ટુ મોહનભાઈ ચાવડા ઉ.વ.૨૭ અને પોતે ભાટ તા.જી.ગાંધીનગરનો રહીશ હોવાનું જણાવ્યું હતું. પોલીસ ટીમે ઈ-ગુજકોટ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ સખ્શ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશનના ગુના નોંધાયા હોવાનું જણાવ્યું હતું. પોલીસ ટીમે ઈ-ગુજકોપ પોકેટકોપ મોબાઈલ ચેક કરી જોતાં આ શખ્સ વિરૂધ્ધ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ અને ગાંધીનગર જિલ્લાના અડાલજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પ્રોહીબીશનના ગુના નોંધાયા હોવાનું જણાઈ આવ્યું હતું. અટક કરાયેલ આ શખ્સ વોન્ટેડ આરોપી હોવાનું જણાતાં જ તેને બુધવારે બપોરે ૧૫.૩૦ વાગે ભિલોડા પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યો હતો અને સીઆરપીસી કલમ ૪૧(૧) હેઠળ અટક કરી ફરજ પરના પીએસઓને સોંપાયો હતો. આ વોન્ટેડ આરોપી




ઝડપી પડાતાં જે પોલીસ સ્ટેશનના ગુનામાં વોન્ટેડ હોય તે પોલીસ સ્ટેશનો ખાતે અને અન્ય કોઈ પોલીસ સ્ટેશનમાં આ આરોપી વિરૂધ્ધ કોઈ ગુના નોંધાયેલ છે કે કેમ ? તે જાણવા સાબરકાંઠા અને અરવલ્લી પોલીસ સ્ટેશનોમાં મેસેજ કરી દેવાયા હતા. પરંતુ રાત્રે ૮.૧૫ કલાકે એકાએક પોલીસ કસ્ટડીયામાં રહેલ આ આરોપીએ પોલીસ સ્ટેશનમાંથી નાસી છુટવા દોટ લગાવી હતી અને પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ વોલના મેઈન દરવાજાનની બહાર નીકળી ગયો હતો. જયારે આ આરોપીને ભગાડી જવા પોલીસ સ્ટેશન બહાર ઉભેલી સ્કોડા ગાડી નં.જીજે.૧૬ એજે ૯૦૩૬ માં બેસી આ આરોપી ભાગી છુટયો હતો. આ ચકચારી ઘટનાની જાણ થતાંજ પોસઈ સહિતનો સ્ટાફ પોલીસ સ્ટેશને ધસી આવ્યા હતા અને પોલીસ કસ્ટડીમાંથી જ ભાગી ગયેલ આ આરોપી અંગે ઉચ્ચકક્ષાએ જાણ કરી જુદીજુદી ટીમો દ્વારા આ આરોપીને ઝડપવા તજવીજ હાથ ધરાઈ હતી.



## ડીસામાં ધારાસભ્યની હાજરીમાં આપ સહિતના કાર્યકરોના કેસરિયા

ડીસા પાલિકાની ચૂંટણી પહેલા ૩૦૦ યુવા કાર્યકરો ભાજપમાં પ્રવેશ કર્યો છે. ધારાસભ્ય શશીકાંત પંડ્યાની આગેવાનીમાં કાર્યકરો ભાજપનો ભગવો ખેસ ધારણ કર્યો છે.બનાસકાંઠાના ડીસામાં પાલિકાની ટર્મ પૂર્ણ થતાં હાલ વહીવટદાર શાસન ચાલી રહ્યું છે અને ટુક સમયમાં ચૂંટણી જાહેર થનાર છે ત્યારે ભાજપ પોતાની સત્તા હાંસલ કરવા અત્યારથી તનતોડ મહેનત શરૂ કરી છે અને વોર્ડ વાઈસ વોર્ડમાં પ્રભાવ ધરાવતા મહિલા પુરુષોને ભાજપમાં લાવવા પ્રયત્ન હાથ ધર્યા છે. ક્યાંક પાંચ વર્ષમાં થયેલ વિકાસના કામો જોઈને પણ નગરજનો ભગવો ખેસ ધારણ કરી રહ્યા છે, ત્યારે ડીસામાં ભાજપ શાસિત પાલિકા સમય થયેલ વિકાસ જોઈને આપ પાર્ટીના કાર્યકરો સહિત ૩૦૦ યુવાનો ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાની હાજરીમાં ભાજપમાં જોડાયા હતા. યુવાનોએ કહ્યું છે કે ધારાસભ્ય શશીકાંત પંડ્યાની આગેવાની હેઠળ ડીસા પાલિકામાં વિકાસ ના થયેલ કામો જોઈને ભાજપમાં જોડાયા છીએ અને ફરી ભાજપની સત્તા આવે જે માટે અમે મહેનત કરીશું. બનાસકાંઠામાં જેમજેમ ચૂંટણી નજીક આવશે તેમ પક્ષ પલટા શરૂ થઈ જશે પ્રથમ ચૂંટણી ટાણે ડીસામાં શરૂઆત થઈ છે અને આગામી ચૂંટણી નજીક આવતા હજુ પણ વધુ કાર્યકરો અને હોદ્દેદારો બળવા સહિત પક્ષ પલટા કરતા જોવા મળશે.

# પાલનપુર ગઠામણ પાટીયા પાસે રહેણાંક મકાનમાંથી કુટણખાનું ઝડપાયુ

પાલનપુરના ગઠામણ પાટીયા નજીકથી એક રહેણાંક મકાનમાં રવિવારે પોલીસે કુટણખાનું ઝડપી લઈ બે વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાલનપુર શહેરના ગઠામણ પાટીયા નજીક આવેલ એક રહેણાંક મકાનમાં કુટણખાનું ચાલતુ હોવાની પશ્ચિમ પોલીસ બાતમી મળી હતી. જેથી પી.આઈ કે.પી.ગઢવીની સુચનાથી પી.એસ આઈ બી.કે.ચૌધરીએ સ્ટાફ સાથે ગઠામણ પાટીયા નજીક રહેણાંક મકાનમાં રેડ કરી હતી. જેમાં થરાદના વાડીયા ગામની એક મહીલા દ્વારા પોતાના આર્થિક ફાયદા માટે બહારથી છોકરીઓ લાવી રૂ.૫૦૦ લઈ છોકરી સાથે દેહવેપાર કરાવવામાં આવતો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતુ.

# મોડાસા ડીપ વિસ્તારમાંથી ચોરાયેલ પીકઅપ ડાલાને ગણતરીના કલાકોમાં રાજસ્થાનના કેસરીયાજી નજીકથી શોધી કાઢતી પોલીસ

મોડાસા શહેરના ડીપ વિસ્તારમાંથી આવેલ ભાગ્યોદય માર્બલ નામની દુકાનના પરિસરમાંથી શુક્રવારે વહેલી સવારે વાહનચોરો ત્રાટકી પીકઅપ ડાલું ચોરી ફરાર થઈ જતા દુકાન માલિકે આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા સતત વાહનોની અને રાહદારીઓથી ધમધમતા વિસ્તારમાંથી પીકઅપ ડાલુ ચોરવાની ઘટનાના પગલે ટાઉન પોલીસ દોડતી થઈ હતી. પીકઅપ ડાલાની ચોરી દુકાનમાં લગાવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. પોલીસે સીસીટીવી રેકોર્ડિંગ અને બાતમીદારોને સક્રીય કરી વાહનચોરને ઝડપી લેવા ચક્રોગતિમાન કરતા વાહનચોરોને ગંધ આવી જતા આખરે રાજસ્થાનના કેસરીયાજી નજીક અંતરિયાળ વિસ્તારમાં મૂકી ફરાર થઈ જતા ટાઉન પોલીસે પીકઅપ ડાલુ પરત લઈ આવી વાહનચોર ટોળકીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.




મોડાસા ટાઉન પોલીસે ભાગ્યોદય પરિસરમાંથી પીકઅપ ડાલાની ચોરી થતા ચોરીની ઘટના દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરાના રેકોર્ડિંગના આધારે પીકઅપ ડાલુ ચોરી વાહનચોર શામળાજી તરફ જતા હોવાથી શામળાજી રોડ પર લાગેલ ટોલપ્લાઝાના સીસીટીવી કેમેરા અને ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીદારો સક્રીય કરતા પીકઅપ ડાલુ રાજસ્થાનના ખેરવાડા વિસ્તારમાં હોવાની બાતમી મળતા ટાઉન પોલીસે ખેરવાડા વિસ્તારમાં ધામા નાખી તપાસ હાથ ધરાતા વાહનચોરોને પોલીસ પાછળ હોવાની જાણ થતા કેસરીયાજી નજીક અંતરિયાળ વિસ્તારના રોડ સાઈડ મૂકી ફરાર થઈ ગયા હતા. પોલીસે ચોરાયેલ પીકઅપ ડાલુ ગણતરીના કલાકોમાં પરત મેળવી લઈ વાહનચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. વાહનચોર પોલીસને થાપ આપી હોવાથી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ અને આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ વેક્સીનેશન ડ્રાય રન યોજાયું

ખેડબ્રહ્મા, તા. ૯

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકા ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ વેક્સીનેશનનું ડ્રાય રન યોજાયું હતું. આ ડ્રાય રનમાં નાયબ કલેક્ટર હાર્દ યુ. શાહ ઉપસ્થિત રહી માર્ગદર્શન કર્યું હતું.

કેન્દ્ર સરકાર દ્વારા કોવિડ-૧૯ સામે રક્ષણ આપતી રસીને મંજૂરી આપવામાં આવેલ છે. છેલ્લા ઘણા સમયથી વેક્સીનને મંજૂરી મળ્યા બાદ દેશના તમામ નાગરીકો સુધી પહોંચાડવા માઈક્રોપ્લાનીંગ કરવામાં આવી રહ્યું છે. ભાગરૂપે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે કોવિડ-૧૯ વેક્સીનેશન ડ્રાય રન કાર્યક્રમનું નિરીક્ષણ કરાયુ હતું. જનરલ હોસ્પિટલ વડા-મેડીકલ ઓફીસરો તેમજ સ્ટાફ હાજર રહ્યા હતા.




બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા ધારેશ્વર મહાદેવ મંદિર (વાત્રક) ખાતે ''ખેડૂત બચાવો, દેશ બચાવો'' અંતર્ગત ખેડૂત સંમેલનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, જિલ્લા કોંગ્રેસ પ્રભારી રામભાઈ સોલંકી, બાયડ તાલુકા અને જિલ્લાના હોદ્દેદારો, બાયડ શહેર કોંગ્રેસ સેલના હોદ્દેદારો, કોંગ્રેસના આગેવાન કાર્યકરો તેમજ ખેડૂત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભિલોડા તાલુકા ભાજપ સંગઠન ધ્વારા સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી અંતર્ગત ૭ - જિલ્લા પંચાયત સીટની બેઠકો યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા ભાજપ સંગઠન ધ્વારા સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી અંતર્ગત ૭ - જીલ્લા પંચાયત સીટની બેઠકો ઉમળકાભેર યોજાઈ પંચાયત, તાલુકા પંચાયત સીટ પ્રભારી, ઈન્ચાર્જ, આગેવાનો, હોદ્દેદારો, કાર્યકર્તાઓની બેઠકમાં ગુજરાત રાજ્ય ભાજપ સરકારના મંત્રી અને જીલ્લાના પ્રભારી મંત્રી ચુંટણીમાં જીતેગા ભાજપ,જીતેગા ભિલોડાના સુત્રને સાર્થક કરવા જીલ્લા પંચાયત સીટ દીઠ બેઠકો યોજાઈ હતી.જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત સીટ ઈન્ચાર્જ જોડાયા હતા. પુર્વ સરપંચ જાલમભાઈ તરાર, કુંડોલ પુર્વ સરપંચ તારાબેન વિશાત, સરપંચ નાના કંથારીયા બાબુભાઈ અસારી ભાજપમાં જોડાયા હતા. રસિકાબેન



હતી. કોંગ્રેસ પાર્ટી તરફથી નારાજગી વ્યક્ત કરીને ઉમળકાભેર જીલ્લા પંચાયત સદસ્ય, તાલુકા પંચાયત સદસ્ય, સરપંચો, પુર્વ સરપંચો, હોદ્દેદારો સહિત કોંગ્રેસી કાર્યકરો મોટી સંખ્યામાં ભાજપની વિકાસ યાત્રામાં જોડાયા હતા.

ભાજપ સંગઠન ધ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી અંતર્ગત ૭ - જીલ્લા પંચાયતની બેઠકો પર ચુંટણીલક્ષી બેઠક યોજાઈ હતી. જીલ્લા રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને બેઠકો યોજાઈ હતી.અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ,ઉપપ્રમુખ રાજેશભાઈ નિનામા, ભિલોડા તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ કાંતીભાઈ પટેલ,ચુંટણી ઈન્ચાર્જ પી.સી. બરંડા, ગુણવંતભાઈ ત્રિવેદી, ધનજીભાઈ નિનામા સહિત ભાજપના હોદ્દેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આગામી સ્થાનિક સ્વરાજ્યની અને કાર્યકર્તાઓને પ્રભારી મંત્રી રમણલાલ પાટકરએ ચુંટણીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

કાંતીભાઈ પટેલ, પી.સી. બરંડા, ગુણવંતભાઈ ત્રિવેદી, ધનજીભાઈ નિનામા સહિત ભાજપના આગેવાનોના ભગીરથ પ્રયાસોથી કોંગ્રેસી આગેવાનોએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો.

જમનાબેન દિનેશભાઈ વિસાત મોટા કંથારીયા જીલ્લા પંચાયત સદસ્ય (કોંગ્રેસ) ૪૦ થી વધુ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં કિરીટભાઈ ખરાડી પ્રમુખ ભિલોડા તાલુકા કોંગ્રેસ મહિલા મોરચો, ધનસોર ગ્રામ પંચાયત સરપંચ સહિત ૬૦ થી વધુ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા હતા. વાંકાનેર છાપરાં ગામના આગેવાનો કોંગ્રેસ છોડી ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. જસ્ટીનભાઈ ડામોર ૧૦ થી વધુ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા છે. ખારી ગામના પંકજભાઈ બાબુભાઈ નિનામા ૯ કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા હતા.

# કાંકરેજના નેકારીયા ગામે મકાનમાંથી ગાંજો પકડાયો

કાંકરેજ, તા. ૯

કાંકરેજ તાલુકાના નેકારીયા ગામે સીઆઈડીના નાર્કોટીક્સ સેલની ટીમે રહેણાંક મકાનમાંથી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો છે. થરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેક ગાંધીનગરની નાર્કોટીક્સ સેલની ટીમે કાર્યવાહી કરતાં હડકંપ મચી ગયો છે. ચોક્કસ બાતમી આધારે રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર કેફી પદાર્થ ગાંજો ૨.૩૬૭ કિલોગ્રામનો ઝડપાયો હતો. જે મામલે નાર્કોટીક્સ સેલની ટીમે એક ઈસમ સામે થરા પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરાવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના નેકારીયા પાદર ગામે ગાંધીનગર સીઆઈડીના નાર્કોટીક્સ સેલના નાયબ પોલીસ અધિક્ષક એસ.એલ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.આર. પટેલ, એએસઆઈ અશ્વિનભાઈ સહિતની ટીમે ચોક્કસ બાતમી આધારે ગામના ભાવાજી રામાજી ઠાકોર (મકવાણા)ના ઘરે રેઈડ કરી હતી. જયાં તપાસ દરમ્યાન ગેરકાયેદસર પાસ પરમીટ વગર ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

ગાંધીનગર નાર્કોટીક્સ સેલની ટીમે કાર્યવાહી કરતાં પંથકમાં ગાંજાનો વેપાર કરતાં અને રાખતા ઈસમોમાં ફફડાટનો માહોલ વ્યાપી ગયો છે. સીઆઈડીના નાર્કોટીક્સ સેલની ટીમે ચોક્કસ બાતમી આધારે રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર ગાંજાનો જથ્થો કિ.ગ્રા. ૨.૩૬૭ (કિ. રૂ.૨૩,૬૭૦)નો જપ્ત કર્યો હતો. આ સાથે કોવિડ ગાઈડલાઈન અંતર્ગત ઝડપાયેલા ઈસમનો કોરોના ટેસ્ટ કરાવવા સહિતની કવાયત શરૂ કરી હતી. આ તરફ આરોપી સામે થરા પોલીસ મથકે નાર્કોટીક્સ ડ્રગ્સ પદાર્થ અધિનિયમની કલમ ૮ (સી), ૨૦ (બી) મુજબ ગુનો નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરના ખીમાણા ગામના બાયો ડીઝલ પંપમાં ભેળસેળ

## ખુદ મામલતદારે સંચાલક સામે ગુનો નોંધાવ્યો

પાલનપુર, તા. ૯

પાલનપુર તાલુકાના ખીમાણા ગામે તાજેતરમાં મામલતદાર સહિતની ટીમે મંજૂરી વગર ચાલતાં બાયોડિઝલ પંપ સામે કાર્યવાહી કરી હતી. જે બાદમાં અંડર ગ્રાઉન્ડ ટાંકીમાંથી તેના સેમ્પલ લઈ પૃથ્થકરણ માટે મોકલી આપ્યા હતા. આ તરફ સેમ્પલ બાયો ડીઝલની લાક્ષણિકતાઓને સંતોષતું ન હોવાનો રીપોર્ટ આવ્યા બાદ સંચાલક સામે મોટી કાર્યવાહી થઈ છે. પાલનપુર ગ્રામ્ય મામલતદારે સંચાલક સામે બાયો ડીઝલમાં ભેળસેળની ફરીયાદ નોંધાવતાં હડકંપ મચી ગયો છે. તંત્રની કાર્યવાહીને પગલે અન અધિકૃત રીતે બાયોડીઝલ પંપ ચલાવતાં સંચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના ખીમાણા ગામની સીમમાં બાયો ડીઝલ પંપ સામે તંત્રએ કાર્યવાહી કરી હતી. જે તે સમયે મામલતદાર સહિતની ટીમે મંજૂરી વગર ચાલતાં બાયોડીઝલ પંપમાં તપાસ કરી અંડરગ્રાઉન્ડ ટાંકામાંથી ૭૦૦ લીટર (કિ. રૂ.૩૭૧૦૦) જેટલો બાયો ડીઝલનો જથ્થો સીઝ કર્યો હતો. આ સાથે જરૂરી સેમ્પલ લઈ પૃથ્થકરણ માટે મોકલાયા બાદ તેનો રીપોર્ટ આવતાં મોટી કાર્યવાહી સામે આવી છે. રીપોર્ટમાં સેમ્પલ બાયો ડીઝલની લાક્ષણિકતાઓની જરૂરીયાત સંતોષતુ ન હોવાનું ખુલ્યુ હતુ. આ સાથે નમુનામાં પ્રવાહી પેટ્રોલીયમ હાઈડ્રો કાર્બન્સ હાજર હોવાથી ભેળસેળયુક્ત બાયોડીઝલ હોવાનું ખુલ્યુ હતુ.

# બનાસકાંઠામાં સરકારી જમીન પચાવી પાડવાનો પ્રથમ ગુનો દાખલ

પાલનપુર, તા. ૯

રાજ્ય સરકારે તાજેતરમાં સરકારી જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ બહાર પાડ્યો છે. જેની અમલવારીને લઈ બનાસકાંઠા જીલ્લામાં સૌપ્રથમ ગુનો દાખલ થતાં દબાણકારોમાં ખળભળાટ મચી ગયો છે. પાલનપુર તાલુકાના ભાગળ ગામે બે ઈસમોએ સરકારી જમીન પર દબાણ કર્યુ હોવાનુ ધ્યાને આવતાં તંત્રએ તપાસ કરી હતી. જેમાં રેવન્યુ તલાટીથી માંડી નાયબ કલેક્ટર સુધી તપાસ થયા બાદ કાર્યવાહી કરવામાં આવી છે. સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ કરી ધંધો કરતાં હોઈ મહિલા રેવન્યુ તલાટીએ નવા કાયદા મુજબ પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામે સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ સામે મોટી કાર્યવાહી થઈ છે. સરકારના તાજેતરના જમીન પચાવવા પર પ્રતિબંધના કાયદાનો પ્રથમ ગુનો નોંધી કડક અમલવારીની શરૂઆત થઈ છે. જે.પી. માર્કેટીંગ કંપનીના વહીવટદાર ઉસ્માન પટેલ અને જાવેદ પટેલે આર્થિક ફાયદા માટે સરકારી જમીન સર્વે નં-૬ માં ત્રણ ઓરડીઓ બનાવી હતી. જગ્યા પરના બાંધકામનો ઉપયોગ સાબુ અને વોશિંગ પાવડરના સંગ્રહ માટે કરતાં હતા. જેની તપાસ બાદ તંત્ર દ્વારા નોટીસ આપી જગ્યા છોડવાં કહ્યું હતુ. જોકે દબાણ દૂર નહીં થતાં રેવન્યુ તલાટી, સર્કલ, મામલતદાર અને નાયબ કલેક્ટર સહિતનાએ કાર્યવાહી કરી હતી. જેના અંતે ગુનો દાખલ કરવા હુકમ થયો હતો.